# જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલેજ અમરોલી, સુરત

## આંતરિક કસોટી - ૨૦૧૯

## એમ. કૉમ. સેમેસ્ટર - ૪ (ગુ.મા.)

## Organized Markets - II

તારીખ : ૧૯/૦૨/૨૦૧૯ બેઠક નંબર : .........

સમય : ૧૧:૦૦ થી ૧:૦૦ કુલ ગુણ : ૫૦

---

**પ્રશ્ન : ૧ નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર જઆપો. (૧૦)**

(૧) વાયદા બજારોના હેતુઓ દર્શાવો.

(૨) શોર્ટ સેલ્સ એટલે શું ?

(૩) નાણા બજારનો અર્થ આપો.

(૪) વિદેશી હૂડિયામણ એટલે શું ?

(૫) વિશ્વ વેપાર સંગઠનના કોઈપણ ત્રણ હેતુઓ જણાવો.

**પ્રશ્ન : ૨** વાયદા બજારનો અર્થ આપી, ભારતમાં વાયદા બજાર સબંધી તાજેતરની વિકાસલક્ષી ઘટનાઓની સમજૂતી આપો. **(૧૩)**

**અથવા**

**પ્રશ્ન : ૨** સટ્ટો એટલે શું ? સટ્ટાના લાભો અને મર્યાદાઓની ચર્ચા કરો. **(૧૩)**

**પ્રશ્ન : ૩** નાણા બજારનું મહત્ત્વ સમજાવી ભારતીય નાણા બજારની મુખ્ય ખામીઓની ચર્ચા કરો. **(૧૩)**

**અથવા**

**પ્રશ્ન : ૩** વિનિમય દર એટલે શું ? વિનિમય દર ને અસર કરતા પરીબળો વિગતે સમજાવો. **(૧૩)**

**પ્રશ્ન : ૪ ટૂંકનોંધ લખો. (ગમે તે બે) (૧૪)**

(૧) હેજીંગના લાભો

(૨) દલાલો અને જોબર

(૩) વાયદા બજારોનું સંચાલન

(૪) નાસ્ડેક (NASDAQ)

JDV

# જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલેજ અમરોલી, સુરત
## આંતરિક કસોટી - ૨૦૧૯
## એમ. કૉમ. સેમેસ્ટર - ૪ (ગુ.મા.)
## નાણાકીય સંચાલન

તારીખ : ૨૦/૦૨/૨૦૧૯ બેઠક નંબર : .........
સમય : ૧૧:૦૦ થી ૧:૦૦ કુલ ગુણ : ૫૦

**૧. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (ગમે તે પાંચ)** **(૧૦)**

(૧) અંકુશ પ્રાપ્તિનો અર્થ
(૨) સંયોજન એટલે શું ?
(૩) શેરની પુનઃખરીદી કોને કહેવાય ?
(૪) ભાડા પટ્ટાનો અર્થ સમજાવો.
(૫) નાણાકીય પત્રકોનું વિશ્લેષણ શા માટે કરવામાં આવે છે ?
(૬) વોરંટ એટલે શું ?
(૭) બદલીપાત્ર ડિબેન્ચરનો અર્થ સમજાવો.

**૨. (અ)** અંકુશપ્રાપ્તિનો અર્થ અને પ્રકાર જણાવો. **(૦૭)**
**(બ)** ભારતમાં ખાનગીકરણ અંગેના વર્તમાન માર્ગદર્શક સૂચનો જણાવો. **(૦૬)**

**અથવા**

**૨. (અ)** સંયોજનના કારણો તેમજ તેની ઉપયોગિતા જણાવો. **(૦૭)**
**(બ)** નાણાકીય ભાડા પટ્ટો અને કામગીરી ભાડાપટ્ટાનો તફાવત જણાવો. **(૦૬)**

**૩. (અ)** નાણાકીય પત્રકોનું વિશ્લેષણની ઉપયોગીતા સમજાવો. **(૦૭)**
**(બ)** સંકર જામીનગીરી એટલે શું ? તેને બહાર પાડવા પાછળના પ્રેરકબળો જણાવો. **(૦૬)**

**અથવા**

**૩. (અ)** નાણાકીય પત્રકોના અર્થઘટનના હેતુઓ જણાવો. **(૦૭)**
**(બ)** ટૂંકનોંધ લખો : રૂપાંતર મૂલ્ય **(૦૬)**

**૪. (અ) કોઈ પણ એક ટૂંકનોધ લખો.** **(૦૬)**

(૧) ભાડા પટ્ટાના લાભ-ગેરલાભ જણાવો.
(૨) આર્થિક ધીમાપનની લાક્ષણિકતા સમજાવો.

**(બ)** એક કંપનીમાં નીચેના ગુણોત્તરોની વિગત મળી છે. નાણાંકીય તંદુરસ્તી વિષે મૂલ્યાંકન કરો. **(૦૮)**

| ક્રમ | ગુણોત્તર | ૨૦૧૬-૧૭ | ૨૦૧૭-૧૮ |
|---|---|---|---|
| ૧ | ચાલુ ગુણોત્તર | ૧.૧૫ | ૧.૦૫ |
| ૨ | કાર્યકારી ખર્ચનો ગુણોત્તર (વ્યાજ અને કરવેરા સિવાય બધા જ ખર્ચા) | ૭૦% | ૭૭% |
| ૩ | માલ સ્ટોકના ઉથલાનો દર | ૧૧ વખત | ૮ વખત |
| ૪ | દેવાદારોના ઉથલાનો દર | ૧૬ વખત | ૯ વખત |
| ૫ | શેર દીઠ કમાણી | રૂ. ૧૦ | રૂ. ૫ |
| ૬ | શેરની ચોપડે કિંમત | રૂ. ૧૩ | રૂ. ૧૩ |
| ૭ | ડિવિડન્ડ ઉપજનો ગુણોત્તર | ૯.૫% | ૬.૫% |

# જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઇ કૉમર્સ કૉલેજ અમરોલી, સુરત

## આંતરિક કસોટી - ૨૦૧૯

## એમ. કૉમ. સેમેસ્ટર - ૪ (ગુ.મા.)

## વ્યૂહાત્મક સંચાલન

તારીખ : ૨૧/૦૨/૨૦૧૯ બેઠક નંબર : .........

સમય : ૧૧:૦૦ થી ૧:૦૦ કુલ ગુણ : ૫૦

---

**પ્રશ્ન : ૧ નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર જઆપો.** **(૧૦)**

(૧) વ્યૂહરચનાનું અમલીકરણ એટલે શું ?

(૨) સંસાધનોની ફાળવણીના અભિગમો જણાવો.

(૩) ક્રિયાત્મક અંકુશની પ્રક્રિયાના તબકકાઓ જણાવો.

(૪) જીવન ધ્યેય વિધાનના ઘટકો જણાવો.

(૫) સ્પર્ધાત્મક લાભ એટલે શું ?

**પ્રશ્ન : ૨ (અ)** વ્યૂહાત્મક પસંદગી એટલે શું ? વ્યૂહાત્મક પસંદગીની પ્રક્રિયા વર્ણવો. **(૦૬)**

**(બ)** વ્યૂહરચના ઘડતર અને વ્યૂહરચનાના અમલીકરણ વચ્ચેના આંતર સંબંધો તથા તફાવત સમજાવો. **(૦૭)**

**અથવા**

**પ્રશ્ન : ૨ (અ)** વ્યૂહરચનાના મૂલ્યાંકનની બી.સી.જી. મેટ્રીકસ પધ્ધતિ સમજાવો. **(૦૬)**

**(બ)** સંસાધનોની ફાળવણીના આધારો સમજાવો. **(૦૭)**

**પ્રશ્ન : ૩ (અ)** વ્યૂહાત્મક અંકુશના વિવિધ પ્રકારોની ચર્ચા કરો. **(૦૬)**

**(બ)** વૈશ્વિકીકરણના ફાયદાઓ સમજાવો. **(૦૭)**

**અથવા**

**પ્રશ્ન : ૩ (અ)** ટ્રાન્સનેશનલની વ્યૂહરચના સમજાવો. **(૦૬)**

**(બ)** વ્યૂહાત્મક કૂદકો અંકુશની પધ્ધતિઓ સમજાવો. **(૦૭)**

**પ્રશ્ન : ૪ ટૂંકનોંધ લખો. (ગમે તે બે)** **(૧૪)**

(૧) S. P. A. C. E. પધ્ધતિ

(૨) પરવાના પધ્ધતિ

(૩) પ્રોજેકટનું અમલીકરણ

(૪) ચાવીરૂપ પરિબળોનું મૂલ્યાંકન

(૫) વ્યૂહાત્મક ગતિ અંકુશ

NST

**જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઇ કૉમર્સ કૉલેજ અમરોલી, સુરત**

**આંતરિક કસોટી - ૨૦૧૯**

**એમ. કૉમ. સેમેસ્ટર - ૪ (ગુ.મા.)**

**નાણાકીય અને સંચાલકીય હિસાબી પધ્ધતિ - ૧૦**

**તારીખ : ૨૨/૦૨/૨૦૧૯** **બેઠક નંબર : .........**

**સમય : ૧૧:૦૦ થી ૧:૦૦** **કુલ ગુણ : ૫૦**

**સૂચના : (૧) જમણી બાજુ આપેલ અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે.**

**(૨) જવાબના ભાગરૂપે તમામ જરૂરી ગણતરી દર્શાવો.**

**પ્રશ્ન : ૧ ટૂંકમાં ઉત્તર જઆપો. (૧૦)**

**(અ)** બાલાજી કંપનીએ રૂા. ૫ લાખનું યંત્ર ખરીદ્યું. જેના પર તે બેન્કને વાર્ષિક ૧૨% લેખે વ્યાજ આપે છે, અને તેના પર વર્ષે રૂા. ૫૦,૦૦૦ નો ઘસારો ગણે છે. કંપની અ અને બ નામની બે વસ્તુ બનાવે છે, જે દરેકની ચલિત પડતર અનુક્રમે રૂા. ૨૦ અને રૂા. ૧૦ છે અને વેચાણ કિંમત રૂા. ૪૦ અને રૂા. ૧૪ છે. બંનેનું ઉત્પાદન અને વેચાણ અનુક્રમે ૧૦,૦૦૦ અને ૨૦,૦૦૦ એકમોનું છે. અન્ય સ્થિર ખર્ચ વાર્ષિક રૂા. ૪૦,૦૦૦ નો છે. સંચાલકો બ નું ઉત્પાદન બંધ કરવાનું વિચારે છે, કારણ કે તેમાં ખોટ થાય છે.

તમે સંચાલકોને યોગ્ય સલાહ આપો.

**(બ)** ગોદરેજ કંપનીની નીચેની માહિતી પરથી એકમદીઠ વેચાણ કિંમત નકકી કરો :

ચોખ્ખી રોકાયેલી મૂડી પર વળતર ૧૨% (કરવેરાનો દર ૪૦%)

વાર્ષિક ૮૦,૦૦૦ એકમોની ઉત્પાદન અને વેચાણ પડતર નીચે મુજબ છે :

| | |
|---|---|
| માલસામાન | રૂા. ૪,૮૦,૦૦૦ |
| વેતન | રૂા. ૧,૬૦,૦૦૦ |
| ચલિત પરોક્ષ ખર્ચ | રૂા. ૩,૨૦,૦૦૦ |
| સ્થિર પરોક્ષ ખર્ચ | રૂા. ૫,૦૦,૦૦૦ |

સ્થિરમૂડી રોકાણ રૂા. ૧૨ લાખ અને વેચાણ ૫૦% લેખે કાર્યશીલ મૂડીમાં રોકાણ છે.

**(ક)** એક કંપનીએ દરેક રૂા. ૧૦૦ નો એક એવા રૂા. ૧૨,૦૦,૦૦૦ ના ડિબેંચર ૫%ના વટાવે બહાર પાડયા, જે ૧૦ વર્ષ બાદ પરત કરવાના છે. કરવેરાનો દર ૫૦% છે. જો ડિબેંચરની કરબાદ પડતર ૬.૪૧% હોય તો ડિબેંચરનો વ્યાજનો દર શોધો.

**પ્રશ્ન : ૨** ભૂમિકા લિ. એ ૨૦૧૮-૧૯ માટે નીચે મુજબના અંદાજો તૈયાર કર્યા છે : **(૧૪)**

| | વસ્તુ 'અ' | વસ્તુ 'બ' |
|---|---|---|
| વેચાણ (એકમામાં) | ૮,૦૦૦ | ૨૦,૦૦૦ |
| | રૂા./એકમ | રૂા./એકમ |
| વેચાણ કિંમત | ૫૦ | ૮૦ |
| પ્રત્યક્ષ માલસામાન | ૧૫ | ૨૫ |
| પ્રત્યક્ષ મજૂરી - કલાક દીઠ રૂા. ૧ | ૧૦ | ૧૬ |
| ચલિત પરોક્ષ ખર્ચા | ૫ | ૮ |
| સ્થિર પરોક્ષ ખર્ચા | ૧૦ | ૧૬ |

BNP / CG

**(પાનું ઊલટાવો)**

| | | |
|---|---|---|
| કુલ | ૪૦ | ૬૫ |
| નફો | ૧૦ | ૧૫ |

ઉપરોકત ઉત્પાદન કાર્યક્રમને આખરી સ્વરૂપ આપ્યા બાદ એવું જાણવા મળ્યું કે કંપનીની ૧/૩ ભાગની ઉત્પાદન શકિત હજુ સુધી અનુત્પાદક છે. આથી પરિણામ સુધારવા માટે નીચે મુજબની દરખાસ્તો વિચારણા માટે મૂકવામાં આવી છે :

(૧) વસ્તુ 'અ' નું ઉત્પાદન બંધ કરવું અને તેથી બચેલ શકિતનો ઉપયોગ વસ્તુ 'બ' ના ઉત્પાદન માટે કરવો. વેચાણ જથ્થામાં થયેલ વધારાને લીધે વુસ્તુ 'બ' ના બધા જ વેચાણ માટે વેચાણકિંમતમાં એકમદીઠ રૂા. ૪ નો ઘટાડો કરવો.

(૨) વસ્તુ 'બ' નું ઉત્પાદન બંધ કરવું અને તેથી બચેલ શકિતનો ઉપયોગ વસ્તુ 'ક' ના ઉત્પાદન તરફ વાળવો જેની એકમદીઠ પડતર નીચે મુજબ છે :
વેચાણકિંમત રૂા. ૭૦, પ્ર. માલસામાન રૂા. ૨૧, પ્રત્યક્ષ મજૂરી રૂા. ૧૨.૮૦ ચલિત ખર્ચા રૂા. ૬

(૩) અનુત્પાદક શકિતનો ઉપયોગ વસ્તુ 'ડ' જેની એકમદીઠ પડતર નીચે મુજબ છે તેની નિકાસ માંગ પૂરી કરવા માટે કરવો :
વેચાણ કિંમત રૂા. ૯૦, પ્ર.માલસામાન રૂા. ૪૩, પ્રત્યક્ષ મજૂરી રૂા. ૨૫, ચલિત પરોક્ષ ખર્ચા રૂા. ૧૨.

(અ) મૂળ કાર્યક્રમમાં જણવ્યા મુજબ નફા કારકતા દર્શાવતું પત્રક તૈયાર કરો.

(બ) સ્વતંત્ર રીતે ચાર દરખાસ્તોનું મૂલ્યાંકન કરો. દરેક દરખાસ્ત માટે કુલ નફો દર્શાવતું પત્રક રજૂ કરો.

**અથવા**

**પ્રશ્ન : ૨ (અ)** સ્ટૂઅર્ટ ફ્રિમેનનો ઔદ્યોગિક કુટુંબનો ખ્યાલ સમજાવો. **(૦૭)**

**(બ)** મૂડી પડતરનો અર્થ આપી મૂડી પડતરનું મહત્ત્વ સમજાવો. **(૦૭)**

**પ્રશ્ન : ૩** એબીસી લિ. તા. ૩૧-૩-૨૦૧૮ ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે : **(૧૪)**

| દેવાં | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| ઈકિવટી શેરમૂડી (દરેક રૂા. ૧૦નો) | ૨,૦૦,૦૦૦ | ચોખ્ખી સ્થિર મિલકતો | ૮,૦૦,૦૦૦ |
| અનામતો | ૧,૬૦,૦૦૦ | ચાલુ મિલકતો | ૫,૦૦,૦૦૦ |
| ૧૪% ની પ્રેફરેન્સ શેરમૂડી | ૬૦,૦૦૦ | | |
| ૧૫% ના ડિબેંચર્સ | ૫,૦૦,૦૦૦ | | |
| ૨૦% ની મુદતી લોન | ૨,૮૦,૦૦૦ | | |
| ચાલુ દેવાં | ૧,૦૦,૦૦૦ | | |
| | ૧૩,૦૦,૦૦૦ | | ૧૩,૦૦,૦૦૦ |

વધારની માહિતી :

(૧) ઈકિવટી શેરનો સરેરાશ બજાર ભાવ રૂા. ૩૦ છે. આવતા વર્ષે અપેક્ષિત ડિવિડન્ડ ૨૪% છે. ડિવિડન્ડની ૧૧% ના દરે વૃદ્ધિ થાય છે.

(૨) કંપનીને લાગુ પડતો કરવેરાનો દર ૪૦% છે.

(૩) રાખી મૂકેલી કમાણીની મૂડી પડતર, ઈકિવટીની મૂડી પડતરથી ૨% ઓછી છે.

નીચેના જવાબ આપો :

(૧) ડિવિડન્ડ વૃદ્ધિ મોડેલ હેઠળ ઈક્વિટીની મૂડી પડતર શોધો.

(૨) ચોપડે મૂલ્ય ભારને આધારે કંપનીની ભારિત સરેરાશ મૂડી પડતરની ગણતરી કરો.

**અથવા**

**પ્રશ્ન : ૩** રોયલ કંપનીના તા. ૩૧-૩-૨૦૧૮ ના રોજ પાકા સરવૈયામાં લાંબા ગાળાનાં નાણાકીય સાધનો નીચે મુજબ દર્શાવવામાં આવ્યા છે : **(૧૪)**

| | રૂ. |
|---|---|
| ઈક્વિટી શેરમૂડી | ૧૬,૦૦,૦૦૦ |
| અનામત અને વધારો | ૧૦,૦૦,૦૦૦ |
| ૧૦% ના પ્રેફરેન્સ શેર | ૫,૦૦,૦૦૦ |
| ૧૫% ના ડિબેંચર | ૨૦,૦૦,૦૦૦ |

કંપનીના વિવિધ ભંડોળોની વ્યક્તિગત મૂડી પડતર તથા ૩૧ મી માર્ચ, ૨૦૧૩ ના રોજ પૂરા થતા વર્ષ દરમિયાન જુદી જુદી જામીનગીરીઓના સરેરાશ બજાર ભાવની વિગતો નીચે પ્રમાણે છે :

| ભંડોળ | વ્યક્તિગત મૂડી પડતર | બજાર ભાવ |
|---|---|---|
| (૧) ઈક્વિટી શેર | ૨૫% | રૂ. ૫૦ (દરેક રૂ. ૧૦ નો) |
| (૨) અનામત અને વધારો | ૨૦% | - |
| (૩) ૧૦% ના પ્રેફ. શેર | ૧૦% | રૂ. ૯૦ (દરેક રૂ. ૧૦૦નો) |
| (૪) ૧૫% ના ડિબેંચર | ૬% | રૂ. ૯૦ (દરેક રૂ. ૧૦૦નો) |

ચોપડે મૂલ્ય અને બજાર મૂલ્યને આધારે ભારિત સરેરાશ મૂડી પડતર શોધો.

**પ્રશ્ન : ૪** ટૂંકનોંધ લખો (ગમે તે બે) **(૧૨)**

(૧) કિંમત નિર્ધારણને મર્યાદિત કરતા પરિબળો

(૨) રોકાણ નિર્ણયને અસર કરતા પરિબળો

(૩) ભાવિ વિકાસની શકયતાવાળા ઉદ્યોગની ઓળખ

# જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઇ કૉમર્સ કૉલેજ અમરોલી, સુરત
## આંતરિક કસોટી - ૨૦૧૯
## એમ. કૉમ. સેમેસ્ટર - ૪ (ગુ.મા.)
## નાણાકીય અને સંચાલકીય હિસાબી પધ્ધતિ - ૧૧

**તારીખ : ૨૩/૦૨/૨૦૧૯** **બેઠક નંબર : .........**

**સમય : ૧૧:૦૦ થી ૦૧:૦૦** **કુલ ગુણ : ૫૦**

**સૂચના : (૧) જમણી બાજુ આપેલ અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે.**
**(૨) જવાબના ભાગરૂપે તમામ જરૂરી ગણતરી દર્શાવો.**

**પ્રશ્ન : ૧ ટૂંકમાં ઉત્તર જઆપો.**

**(અ)** એક યંત્રની પડતર રૂા. ૫૦,૦૦,૦૦૦ છે. દરેક વર્ષને અંતે લીઝ ભાડાની ચૂકવણી નીચે મુજબ છે : **(૦૫)**

| વર્ષ | લીઝ ભાડું |
|---|---|
| ૧ | ૫,૦૦,૦૦૦ |
| ૨ | ૫,૦૦,૦૦૦ |
| ૩ | ૫,૦૦,૦૦૦ |
| ૪ | ૫,૦૦,૦૦૦ |
| ૫ | ૫,૦૦,૦૦૦ |

૧૫% નાં વટાવ દર વટાવ પરિબળ અનુક્રમે ૦.૮૭, ૦.૭૬, ૦.૬૬, ૦.૫૭, અને ૦.૫૦ છે. ઉપરોકત લીઝ નાણાંકીય લીઝ છે કે કામગીરી લીઝ છે ? શા માટે ?

**(બ)** એક વેપારી બેંકના ચોપડેથી તમને નીચેની માહિતી આપવામાં આવે છે : **(૦૫)**

| મિલકતનો પ્રકાર | ધિરાણની રકમ (રૂા.) |
|---|---|
| સ્ટાન્ડર્ડ | ૧૬,૦૦,૦૦૦ |
| સબ સ્ટાન્ડર્ડ | ૧૩,૦૦,૦૦૦ |
| શંકાસ્પદ : | |
| ૧ વર્ષ માટે | ૭,૦૦,૦૦૦ |
| ૩ વર્ષ માટે | ૪,૦૦,૦૦૦ |
| ૩ વર્ષથી વધુ મુદત માટે | ૨,૦૦,૦૦૦ |
| ગુમાવેલ મિલકતો | ૫,૦૦,૦૦૦ |

ઉપરોકત માહિતી પરથી વેપારી બેંક ધિરાણ અંગે કેટલી જોગવાઇ કરવી તેની ગણતરી તમારે કરવાની છે.

**પ્રશ્ન : ૨** 'અ' લિ. એ 'બ' લિ. પાસેથી એક યંત્ર તા. ૦૧/૦૪/૨૦૧૨ નાં રોજ ભાડાપટ્ટે લીધું અને તેને લગતી વિગતો નીચે મુજબ છે : **(૧૪)**

(૧) યંત્રની વાજબી કિંમત રૂા. ૫૦,૦૦,૦૦૦

(૨) ભાડાપટ્ટાનો સમયગાળો ૫ વર્ષ

(૩) ૫ વર્ષને અંતે ભંગાર કિંમત - શૂન્ય

(૪) નાણાંકીય ખર્ચા - વાર્ષિક ૧૪%

(૫) લીઝ કરાર અંગે 'અ' લિ. એ ચૂકવેલ ખર્ચ ૨,૦૦,૦૦૦

(૬) લીઝ કરાર અંગે 'બ' લિ. એ ચૂકવેલ ખર્ચ ૧,૨૦,૦૦૦

(૭) દર વર્ષે સરખા હપ્તાની પદ્ધતિથી ઘસારો ગણવામાં આવે છે.

(૮) હિસાબો ૩૧ મી માર્ચના રોજ બંધ થાય છે.

| તારીખ | રૂા. લીઝ ભાડું |
|---|---|
| ૧/૪/૨૦૧૨ | ૭,૬૦,૦૦૦ |
| ૧/૪/૨૦૧૩ | ૧૪,૩૩,૬૦૦ |
| ૧/૪/૨૦૧૪ | ૧૩,૧૬,૦૦૦ |
| ૧/૪/૨૦૧૫ | ૧૨,૧૮,૪૦૦ |
| ૧/૪/૨૦૧૬ | ૧૦,૯૮,૦૦૦ |
| ૧/૪/૨૦૧૭ | ૯,૬૦,૦૦૦ |

ઉપરોકત માહિતી પરથી 'અ' લિ. ના ચોપડામાં યંત્ર ખાતું અને 'બ' લિ. નું ખાતું બનાવો. 'બ' લિ. નાં ચોપડામાં 'અ' લિ. ખાતું તૈયાર કરો તેમજ 'અ' લિ. નાં પાકાં સરવૈયામાં અસર દર્શાવો.

**અથવા**

**પ્રશ્ન : ૨** ક લિ. એ, ડ લિ. પાસેથી એક યંત્ર તા. ૧/૧/૨૦૧૨ નાં રોજ ભાડેપટેથી ખરીદ્યું. તેને લગતી વિગતો નીચે મુજબ છે : **(૧૪)**

૧) યંત્રની વ્યાજબી કિંમત (?)

૨) ભાડાપટાનો સમયગાળો ૪ વર્ષ

૩) લીઝ ભાડાની ચૂકવણી :

| વર્ષ | રૂા. |
|---|---|
| ૨૦૧૨ | ૨,૦૫,૦૦૦ |
| ૨૦૧૩ | ૧,૦૫,૦૦૦ |
| ૨૦૧૪ | ૭૦,૦૦૦ |
| ૨૦૧૫ | ૫૫,૦૦૦ |

લીઝ ભાડું વર્ષની શરૂઆતમાં ચૂકવવા પાત્ર છે.

૪) ચાર વર્ષનાં આયુષ્યને અંતે ભંગાર કિંમત રૂા. ૨૦,૦૦૦

૫) નાણાંકીય ચાર્જ વાર્ષિક ૧૪%

૬) લીઝ કરાર અંગે ડ લિ. ચૂકવેલ ખર્ચ રૂા. ૨,૪૦૦

૭) યંત્ર પર વાર્ષિક ૩૦% લેખે ઘટતી જતી બાકીની રીતે ઘસારો ગણવામાં આવે છે.

૮) શ્રી ક લિ. ના ચોપડામાં ૩૧/૧૨/૨૦૧૪ નાં રોજ યંત્રના ઘસારાની આમનોંધ નીચે મુજબ હતી :

| | | |
|---|---|---|
| યંત્રના ઘસારા ખાતે ઉ. | ૫૮,૮૦૦ | |
| તે ભાડા પટા યંત્ર ખાતે | | ૫૮,૮૦૦ |

ઉપરોકત માહિતી પરથી ક લિ. નાં ચોપડામાં ડ લિ. નું ખાતું અને નાણાંકીય ચાર્જ ખાતું તૈયાર કરો. તેમજ ડ લિ. ના ચોપડે પ્રથમ વર્ષની આમનોંધ કરો તેમજ શ્રી ક લિના નફા-નુકસાન ખાતું અને પાકાં સરવૈયામાં અસર દર્શાવો.

**પ્રશ્ન : ૩ (અ)** દેના બેન્ક લિમિટેડના તા. ૩૧-૩-૨૦૦૬ ના રોજના કાચા સરવૈયામાંથી નીચેની બાકીઓ લેવામાં આવી છે : **(૦૭)**

| વિગત | રૂા. |
|---|---|
| ખરીદેલી અને વટાવેલી હૂંડીઓ | ૬,૦૦,૦૦૦ |
| વટાવેલી હૂંડીઓ પરનું વળતર (તા. ૧-૪-૨૦૦૫) | ૧૦,૦૦૦ |
| મળેલ વ્યાજ-વટાવ | ૧,૦૦,૦૦૦ |

વટાવેલી હૂંડીઓનું પૃથકકરણ નીચેની માહિતી દર્શાવે છે :

| **હૂંડી લખ્યા તારીખ** | **હૂંડીની મુદત** | **હૂંડીની રકમ રૂા.** | **વટાવનો દર** |
|---|---|---|---|
| ૨૨-૦૧-૨૦૦૬ | ૩ માસ | ૧,૪૬,૦૦૦ | ૧૦% |
| ૦૭-૦૨-૨૦૦૬ | ૩ માસ | ૨,૯૨,૦૦૦ | ૯% |
| ૦૯-૦૨-૨૦૦૬ | ૪ માસ | ૧,૬૨,૦૦૦ | ૮% |

ઉપરની માહિતીના આધારે બેંકના ચોપડે જરૂરી આમનોંધ લખો અને "વટાવેલી હૂંડી પરના વળતરનું ખાતું" તેમજ "વ્યાજ-વટાવનું ખાતું" તૈયાર કરો.

**પ્રશ્ન : ૩ (બ)** ઈન્ડિયા બેંકની ખાતાવહીમાંથી તા. ૩૧-૧૨-૨૦૦૭ ના રોજની નીચેની બાકીઓ આપવામાં આવેલી છે : **(૦૭)**

| ખાતાનું નામ | ઉધાર બાકી રૂા. | જમા બાકી રૂા. |
|---|---|---|
| વટાવેલી હૂંડીનું વળતર (તા. ૧-૧-૨૦૦૭) | - | ૧૦,૦૦૦ |
| મળેલ વ્યાજ-વટાવ | - | ૨,૪૦,૦૦૦ |
| વટાવેલ હૂંડીઓ | ૧૫,૦૦,૦૦૦ | - |

વટાવેલી હૂંડીની વિગતો :

| પાકયા તારીખ | હૂંડીની રકમ રૂા. | વટાવનો દર |
|---|---|---|
| ૩૦-૦૩-૨૦૦૮ | ૨,૯૨,૦૦૦ | ૧૨% |
| ૧૪-૦૪-૨૦૦૮ | ૮,૦૦,૦૦૦ | ૧૪.૬% |
| ૧૩-૦૩-૨૦૦૮ | ૪,૦૮,૦૦૦ | ૧૮% |

૨૦૦૭ ના વર્ષનું વટવેલી હૂંડીનું વળતર ખાતું અને વ્યાજ-વટાવ ખાતું તૈયાર કરો.

**અથવા**

**પ્રશ્ન : ૩** તા. ૩૧-૧૨-૨૦૧૧ ના રોજ ધી સહારા બેન્ક લિ. ના ચોપડા લોન-કેશક્રેડિટ અને ઓવરડ્રાફ્ટ રૂા. ૩,૧૧,૧૯,૯૯૨ ની બાકી બતાવતા હતા. જયારે ઘાલખાધ અનામત ખાતું રૂા. ૫૧,૫૫,૯૯૨ ની બાકી બતાવતું હતું. ૨૦૧૧-૧૨ દરમિયાન વ્યાજ અને વટાવની આવક રૂા. ૭૯,૯૯,૯૯૨ ની હતી. વર્ષ દરમિયાન રૂા. ૪૩,૯૯,૨૦૦ ઘાલખાધ માંડી વાળવામાં આવ્યા હતા અને વર્ષના અંતે રૂા. ૨૦,૦૦,૭૯૯ ઘાલખાધ અનામત રાખવી જરૂરી હોવાનું નકકી કરવામાં આવ્યું હતું. વર્ષ દરમિયાન મંજૂર કરેલ લોન રૂા. ૫,૭૭,૬૮,૮૯૭ હતી. પરત આવેલ રકમો રૂા. ૫,૬૧,૬૦,૭૯૯ હતી. **(૧૪)**

જરૂરી ખાતાંઓ ખોલી નફા-નુકસાન ખાતે કેટલી રકમ જમા કરવી અને પાકાં સરવૈયામાં કેટલી રકમો બતાવવામાં આવશે તે જણાવો.

**પ્રશ્ન : ૪ ટૂંકનોંધ લખો. (ગમે તે ત્રણ) (૧૨)**

૧) નોન બેંકિંગ મિલકતો

૨) બિલ ઓફ લેન્ડિંગ

૩) ભાડાં પટાનાં લાભો

૪) સહકારી બેંકો અંગે કાયદાની જોગવાઈઓ

૫) આયાતકારોનાં પ્રકારો

DAN / NBR

# જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઇ કૉમર્સ કૉલેજ અમરોલી, સુરત

## આંતરિક કસોટી - ૨૦૧૯

## એમ. કૉમ. સેમેસ્ટર - ૪ (ગુ.મા.)

## નાણાકીય અને સંચાલકીય હિસાબી પધ્ધતિ - ૧૨

**તારીખ : ૨૫/૦૨/૨૦૧૯** **બેઠક નંબર : ..........**

**સમય : ૧૧:૦૦ થી ૧:૦૮** **કુલ ગુણ : ૫૮**

---

**પ્રશ્ન. ૧(અ) નીચેની માહિતી પરથી શોધો** **(૦૫)**

**(૧) માલસામાન ખર્ચ વિચલન (૨) માલસામાન ભાવ વિચલન**

**(3) પ્રમાણિત જથ્થો**

ખરીદેલ માલસમાન નો જથ્થો ....................................૬000 એકમો

માલસામાનની કિંમત ..................................................રૂ. ૨૪,000

પ્રમાણ ભાવ એકમદીઠ ................................................રૂ. 3.૫૦

માલસામાનનો છેવટનો સ્ટોક ......................................૧000 એકમો

માલસમાન વપરાશ વિચલન ...................................... - ૮૭૫ (પ્રતિકુળ)

**(બ) ભાવેશ લી. રૂ. ૧૦ નો એક એવા ૫,00,000 ઇક્વિટી શેર ૨૦% પ્રીમિયમે બહાર પાડે છે. મી. વિરલ ૯૦% શેર્સ માટે બાહેધરી આપે છે. કમીશનનો દર મૂળ કિંમત પર ૧% છે. કંપનીને ૮૦% શેર્સ માટે અરજીઓ મળે છે અને કંપની તરફથી પુરેપુરી ફાળવણી કરવામાં આવી. દરેક અરજદાર પાસેથી એક જ હપ્તામાં પૂરી રકમ મળી. મી. વિરલ પણ પોતાનું ખાતું સરભર કરે છે. કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો.** **(૦૫)**

**પ્રશ્ન ૨** રીધમ લી. એક વસ્તુ બે પદાર્થો X અને Y ના મિશ્રણથી બનાવે છે. માર્ચ -૨૦૧૭ના માસમાં ૨૦૦ એકમોના પ્રમાણિત ઉત્પાદન માટે (૧૪)

૨૦ કિ.ગ્રા. 'X' @ રૂ. 30 કિલોગ્રામ દીઠ અને

૧૦ કિ.ગ્રા. 'Y' @ રૂ. ૧૫૦ કિલોગ્રામ દીઠ નક્કી થયો હતો.

ખરેખર 300 એકમોનું ઉત્પાદન થયું. સ્ટોકની સ્થિતિ અને ખરીદીની માહિતી નીચે મુજબ હતી.

| માલસામગ્રી | માર્ચ ૧ ૨૦૧૭ ના રોજ સ્ટોક | | ખરીદી | | માર્ચ ૩૧ ૨૦૧૭નાં |
|---|---|---|---|---|---|
| | Kg | કિલોગ્રામ દીઠ રૂ. | Kg. | પડતર | રોજ સ્ટોક Kg. |
| X | ૪ | ૨૫ | 30 | ૯૬0 | ૧ |
| Y | ૫ | ૧૪૦ | ૬ | ૯30 | ૨ |

માલસામગ્રીની ગણતરી માટે FIFO પદ્ધતિનો ઉપયોગ થાય છે.દરેક એકમનું વજન ૧૦૦ ગ્રામ છે.

જરૂરી ગણતરી સાથે માલસામાનને લગતા વિચલનો શોધો.

**અથવા**

**પ્રશ્ન ૨ (અ) નીચેની વિગતો પરથી પ્રશ્નાર્થ ચિન્હવાળી વિગત શોધો** **(૦૭)**

| **વિગત** | **મજૂર (અ)** | **મજૂર (બ)** |
|---|---|---|
| કલાકદીઠ પ્રમાણિત મજૂરી દર | રૂ. ૨૪ | રૂ. 30 |
| ખરેખર કલાકદીઠ મજૂરી દર | રૂ. 30 | રૂ. ૪૦ |
| પ્રમાણિત કલાકો | ૧૦૦ | ? |

ખરેખર કલાકો ? ૧૪૦
મજૂરી દર વિચલન ? ?
મજૂર કાર્યક્ષમતા વિચલન ? રૂ. ૬૦૦ ( પ્રતિકુળ)
મજૂરી પડતર વિચલન ? ?
બંને પ્રકારના મજૂરોનું ભેગું મજૂરી મિશ્રણ વિચલન રૂ. ૯૦ (પ્રતિકુળ) હતું.

**પ્રશ્ન ૨ (બ) ધ્રુવ લી.ની માહિતી નીચે મુજબ આપે છે.** **(૦૭)**

**વિગત ખરેખર માહિતી**

ઉત્પાદન અને વેચાણ ૯,૦૦૦ એકમો

**વેચાણ રૂ. ૭,૦૦,૦૦૦**
**સીધી માલસામગ્રી રૂ. ૧,૮૪,૦૦૦**
**સીધી મજૂરી રૂ. ૨,૬૨,૦૦૦**
**માલસામાન કિંમત વિચલન રૂ. ૧૨,૦૦૦ ( અનુકુળ)**
**માલસામાન વપરાશ વિચલન રૂ. ૧૬,૦૦૦ (પ્રતિકુળ)**
**મજૂરી દર વિચલન રૂ. ૨,૦૦૦ ( અનુકુળ)**
**મજૂરી કાર્યક્ષમતા વિચલન રૂ. ૬,૦૦૦ (અનુકુળ)**
**વેચાણ કિંમત વિચલન રૂ. ૨૦,૦૦૦ (પ્રતિકુળ)**

**ગણતરી કરો ( ૯,૦૦૦ એકમો માટે)**

**(૧) માલસામાનની કિંમત (૨) પ્રમાણિત મજૂરી પડતર (૩) પ્રમાણિત વેચાણ કિંમત**

**પ્રશ્ન. ૩ વિશ્વનાથ લી. રૂ. ૧૦નો એક એવા ૩,૨૦,૦૦૦ ઇક્વિટી શેર ૫૦% પ્રીમિયમે બહાર પડે છે. જેની બાહેધરી દલાલોએ નીચે મુજબ આપી છે.** **(૧૪)**

| બાહેધરી દલાલનું નામ | જવાબદારી |
|---|---|
| સેઠ | ૧,૨૮,૦૦૦ શેર |
| સુતરીયા | ૧,૨૮,૦૦૦ શેર |
| સાવલિયા | ૬૪,૦૦૦ શેર |

કંપનીને નિશ્ચિત બાયધરી તેમજ નિશાની વાળી અરજીઓ સહીત કુલ ૨,૮૮,૦૦૦ ઇક્વિટી શેર માટે અરજીઓ મળી હતી.આ ઉપરાંત બાહેધરી દલાલોની નિશ્ચિત જવાબદારી નીચે મુજબ હતી.

| બાહેધરી દલાલનું નામ | નિશ્ચિત બાયધરીવાળી અરજીઓ | નિશાનીવાળી અરજીઓ |
|---|---|---|
| સેઠ | ૧૬,૦૦૦ શેર | ૮૦૦૦૦ શેર |
| સુતરીયા | ૮,૦૦૦ શેર | ૬૪,૦૦૦ શેર |
| સાવલિયા | ૮,૦૦૦ શેર | ૪૮,૦૦૦ શેર |

કંપનીને નિશ્ચિત બાહેધરી અંગે કોઈ રકમ જમા આપવામાં આવતી નથી. બાયધરી દલાલોને ૫% કમીશન ચૂકવવાનું છે. દરેક બાયધરી દલાલની વ્યક્તિગત જવાબદારી દર્શાવતું પત્રક તૈયાર કરો અને કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો.

**પ્રશ્ન ૪રોકાણો પર વળતરનો અર્થ સમજાવો અને નાણાકીય રોકાણો તથા સ્થાવર રોકાણો માટે વળતર શોધવાની યોગ્ય પધ્ધતિ ઉદાહરણ સહીત સમજાવો.**

**અથવા**

વૈકલ્પિક પડતરનો ખ્યાલ સત્ય અને આંકડાઓ સાથે વર્ણવો. **(૧૨)**

***